પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૬૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૦૩-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પૂર્વોત્તરના બે રાજયોમાં આજથી નવી સરકાર

## મેઘાલય અને નાગાલેન્ડમાં મુખ્યમંત્રીઓએ મુખ્યમંત્રી પદના સોગંદ લીધા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહેમાન બન્યા

શિલોંગ,

આજનો દિવસ ભાજપ માટે એકવાર ફરી મોટો રહ્યો હતો.નેશનલ પીપલ્સ પાર્ટીના પ્રમુખ કોનરાડ સંગમા સતત બીજીવાર મેઘાલયના મુખ્યમંત્રી બન્યા છે.રાજયપાલે તેમને પદ અને ગોપનીયતાના સોગંદ અપાવ્યા હતાં જયારે નેફિયુ રિયોએ રેકોર્ડ પાંચમીવાર નાગાલેન્ડના મુખ્યમંત્રી તરીકના સોગંદ લીધા.આ પ્રસંગ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા હાજર રહ્યાં હતાં.બંન્ને જ રાજયોમાં ભાજપ ગઠબંધનની સરકાર બની છે અને બંન્ને જ સોગંદ વિધિમાં વડાપ્રધાન મોદી સામેલ થયા હતાં. મેઘાલયના રાજયપાલ ફાગુ ચૌહાણે એનપીપીના પ્રેસ્ટોન તિનસોંગ અને ભાજપના એલેકજેંડર લાલુ હેક સહિત ૧૨ ધારાસભ્યોને મંત્રિપરિષદના સભ્ય તરીકે સોગંદ અપાવ્યા હતાં

વડાપ્રધાન મોદી આજે મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડના સંગમા અને તેમના મંત્રીમંડળના સાથીઓના સોગંદવિધિ સમારોહમાં સામેલ થયા હતાં ૨૭ ફેબ્રુઆરીએ થયેલ વિધાનસભા ચુંટણીમાં ૫૯માંથી ૨૬ બેઠકો પર પોતાની પાર્ટીને મોટી જીત મળ્યા બાદ નેશનલ પીપલ્સ પાર્ટી(એનપીપી) પ્રમુખ સંગમા બીજીવાર મુખ્યમંત્રી પદના સોગંદ લીધાભાજપથી જોડાયેલ મેધાલાય નાગાલેન્ડ અને ત્રિપુરામાં સત્તામાં આવી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેધાલયના



મુખ્યમંત્રી તરીકેના સોગંદ લેનારા નેશનલ પીપલ્સ પાર્ટી એનપીપીના નેતા કોનરાડ કે સંગમા અને તેમના મંત્રીમંડળના સભ્યોને અભિનંદન આપ્યા તથા તેમને પૂર્વોત્તરના આ રાજયને પ્રગતિની નવી ઉંચાઈ પર લઈ જવા માટે શુભકામના આપી

બંન્ને જ રાજયોમાં બે નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે.મેઘાલયમાં એનપીપીના સ્પિનઆવભલંગ ધર અને પ્રિસ્ટોન તેનસોંગે નાયબ મુખ્યમંત્રીના સોંગદ લીધા હતાં જયારે નાગાલેન્ડમાં ટી આર જેલિયાંગ અને યાનુથુંગો પેટ્ટનને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે નાગાલેન્ડમાં ફરીથી એનડીપીપી ભાજપ ગઠબંધને સરકાર બનાવી છે. આ ગઠબંધનને અહીં ૩૭ બેઠકો મળી છે.જેમાં એનડીપીપીને ૨૫ અને ભાજપને ૧૨ બેઠકો મળી હતી એનડીપીપી ૨૦૧૭માં અસ્તિત્વમાં આવી હતી.

### ત્રિપુરામાં માણિક સાહા આઠમી માર્ચના રોજ મુખ્યમંત્રી પદના સોગંદ લેશે.

જયારે ત્રિપુરામાં પણ માણિક સાહાને એકવાર ફરી વિધાનસભા પક્ષના નેતા પસંદ કરવામાં આવ્યા છે.માણિક સાહા આઠમી માર્ચના રોજ મુખ્યમંત્રી પદના સોગંદ લેશે ગઈકાલે સાંજે માણિક સાહાએ રાજયપાલની મુલાકાત કરી સરકાર બનાવવામો દાવો કર્યો હતો ૭૦ વર્ષના સાફ સુથરી તસવીરવાળા માણિક સાહા ૨૦૧૬માં ભાજપમાં સામેલ થયા હતાં તેઓ દાંતના સર્જન છે.તેઓ રાજનીતિના અખાડામાં ઉતર્યા હતાં તેમણે લખનૌમાં કિંગ જયોર્જ ના મેડિકલ કોલેજથી પાસ આઉટ છે ભાજપ દ્વારા બિપ્લબ દેવને હટાવ્યા બાદ તે ૨૦૨૨માં મુખ્યમંત્રી બન્યા માણિક સાહા એક ખેલાડી પણ હતાં અને ત્રિપુરા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ રહે છે.માણિક સાહા ૨૦૨૦થી ૨૦૨૨ વચ્ચે ત્રિપુરામાં ભાજપના પ્રમુખ રહી ચુકયા છે. મુખ્યમંત્રી બનતા પહેલા તે રાજયસભા માટે ચુંટાઈ આવ્યા હતાં ભાજપના એક પ્રવકતાએ વિધાનસભા બેઠક બાદ જણાવ્યું હતું કે પાર્ટીના તમામ ધારાસભ્યોએ સર્વસમ્મતિથી સાહાને બીજીવાર મુખ્યમંત્રી બનવા માટે સમર્થન કર્યુ

નાગાલેન્ડની રાજનીતિના દિગ્ગજ નેફયુ રિયોએ કોહિમામાં આયોજીત સોગંદવિધિ સમારોહમાં રાજયપાલ લા ગણેશને તેમને સોગંદ અપાવ્યા હતાં. આ પાંચમીવાર છે જયારે રિયો નાગાલેન્ડના મુખ્યમંત્રી બન્યા હતાં.

પ્તેમણે કહ્યું કે સોગંદ વિધિ આઠમી માર્ચના રોજ યોજાશે જેમાં સામેલ થવા માટે અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા સામેલ થશે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સોગંદવિધિ સમારોહમાં સામેલ થાય તેવી સંભાવના છે. ભાજપે ૬૦ સભ્યોની વિધાનસભામાં ૩૨ બેઠકો જીતી સ્પષ્ટ બહુમતિ હાંસલ કરી હતી જયારે તેના સાથી ઈંડિડીનસ પીપલ્સ ફ્રંટ ઓફ ત્રિપુરા(આઈપીએફટી)એ એક બેઠક જીતી છે રાજય વિધાનસભા ચુંટણી માટે મતદાન ૧૬ ફેબ્રુઆરીએ થયું હતું તથા તેના પરિણામની જાહેરાત બે માર્ચે કરવામાં આવી હતી.

## હોળીની જ્વાળાની દિશા : આ વર્ષે ચોમાસામાં ભારે પવન સાથે વાવાઝોડું આવશે'

ગાંધીનગર,

સનાતન ધર્મમાં હોળીના તહેવારનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. હોળી પ્રગટાવી તેની જ્વાળાની દિશાના આધારે વડવાઓ આગામી વર્ષ કેવું રહેશે તેનું અનુમાન કરતાં આવ્યા છે. ત્યારે ગાંધીનગરથી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે હોળીની જ્વાળાની દિશા જોઈએ આગાહી કરાઈ છે કે આ વર્ષે વાવાઝોડા સાથે ચોમાસાની શરૂઆત થશે. વાવાઝોડા સાથે ચોમાસામાં વરસાદ આવવાને કારણે વરસાદની વચ્ચે બ્રેક લાગશે.

હિન્દુ ધર્મમાં હોળી-ધૂળેટીના તહેવારનું અનેરૂ મહત્વ છે. હોળી પ્રગટાવીને હોળીની જ્વાળા પરથી વર્ષ કેવું રહેશે તેનો અંદાજ લગાવવવામાં આવે છે. રાજ્યભરમાં હોલિકા દહન કરવામાં આવ્યું હતું. જો કે વાતાવરણમાં આવેલા પલટાનાં કારણે ભારે પવન સાથે કમોસમી માવઠું ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે રાજ્યના ઘણા વિસ્તારોમાં કરા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

દર વર્ષે હોલિકા દહનનો અગ્નિ શુભ અને અશુભ સંકેત આપે છે. હોલિકા દહનના અગ્નિથી ચોમાસું કેવું રહેશે સહિતની ભવિષ્યવાણી કરવામાં આવતી હોય છે. જો હોળીની જ્વાળા પૂર્વ દિશા તરફ વધે તો સુખ અને સમૃદ્ધિનું પ્રતિક માનવામાં આવે છે. પૂર્વ દિશામાં જ્યોતનો ઉદય ધર્મ અને સંસ્કારોનો ઉદય સૂચવે છે. ત્યારે હોળીની જ્વાળા જોઈને હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરી છે કે આ વર્ષે ચોમાસું સારૂ રહેશે.

આ વર્ષે વાવાઝોડા સાથે ચોમાસાની શરૂઆત થશે. વધુમાં હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે કહ્યું છે કે, આ વર્ષે ચોમાસા દરમિયાન અનેક વખત વાવાઝોડા આવી શકે છે. ભારે પવન સાથે વાવાઝોડું આવશે. આ દરમિયાન વીજળીના કડાકા-ભડાકા જોવા મળશે. આ વર્ષે હોળીનો પવન વાયવ્ય તરફનો હોવાથી વરસાદ સાથે વાવાઝોડું આવી શકે છે. તેમણે કહ્યું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન વાવાઝોડાનું પ્રમાણ વધશે. બંગાળની ખાડી, અરબ સાગરમાં ચક્રાવાતનું પ્રમાણ વધવાનું છે.એકંદરે વર્ષ સારૂ રહેશે. હોળીના દિવસે વાયવ્ય તરફનો પવન હોવાને કારણે મુહૂર્તની દ્રષ્ટિએ આ નિશાની સારી નથી.

વાવાઝોડા સાથે ચોમાસામાં વરસાદ આવવાને કારણે વરસાદની વચ્ચે બ્રેક લાગશે. આ વર્ષે અરબ સાગરમાં પણ વાવાઝોડા અને ચક્રાવાતનું પ્રમાણ વધવાનું છે. અંબાલાલ પટેલે કહ્યું છે કે ભારે પવન અને વાવાઝોડાને કારણે ચોમાસામાં ખેડૂતો પર અસર પડી શકે છે. જો વાવાઝોડાનું પ્રમામ વધે તો ખેડૂતોના પાકને નુકસાન થાય છે. જેની અસર અન્ય લોકો પર પણ થાય છે.

## ચીન અપનાવી શકે છે રશિયાનો સિદ્ધાંત, રાહુલે ભારતની તુલના યુક્રેન યુદ્ધ સાથે કરી

નવીદિલ્હી,

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી આ દિવસોમાં યુકેના પ્રવાસે છે. તેમણે લંડનમાં હાઉસ ઓફ પાર્લામેન્ટના પરિસરમાં બ્રિટિશ સાંસદોને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ યુક્રેન યુદ્ધને ભારત-ચીન સાથે જોડીને મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, રશિયાએ યુક્રેનને કહ્યું છે કે, અમે યુરોપ અને અમેરિકા સાથે તમારા સંબંધોને સ્વીકારતા નથી. જો તમે આ સંબંધ નહીં બદલો તો અમે તમારી પ્રાદેશિક અખંડિતતાને પડકારીશું.

લંડનમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, મને લાગે છે કે મારા દેશની સરહદો પર આવું જ થઈ રહ્યું છે. ચીન નથી ઈચ્છતું કે અમે અમેરિકા સાથે સંબંધો રાખીએ. તે અમને ધમકી



આપી રહ્યું છે કે જો તમે સંબંધ રાખશો તો અમે પગલાં લઈશું. એટલા માટે લદ્દાખ, અરુણાચલ પ્રદેશમાં સેના તૈનાત છે.

તેમણે કહ્યું કે મારા મતે લદ્દાખ અને અરુણાચલ પ્રદેશમાં સૈનિકોની પાછળનો મૂળ વિચાર એ જ છે જે યુક્રેનમાં થઈ રહ્યો છે. મેં આનો ઉલ્લેખ વિદેશ મંત્રી (ડૉ. એસ. જયશંકર)ને કર્યો હતો, પરંતુ તેઓ મારી સાથે સંપૂર્ણપણે અસંમત છે અને માને છે કે આ એક હાસ્યાસ્પદ વિચાર છે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે ૨૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર પર બેઠા છીએ. અમારા પીએમએ વિપક્ષી નેતાઓ સાથેની બેઠકમાં કહ્યું કે, ભારતની એક ઈંચ પણ જમીન લેવામાં આવી રહી નથી. સેના આ વાત જાણે છે પણ આપણા વડાપ્રધાન કહે છે કે તેઓ ત્યાં નથી. તે તેમને પ્રોત્સાહિત કરે છે.

ભાજપનો ઉલ્લેખ કરતા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે કહ્યું કે, તેઓ (ભાજપ) નફરત અને હિંસાની વિચારધારા ધરાવે છે, જે એક અભદ્ર વિચારધારા છે જે લોકો પર તેમના વિચારો માટે હુમલો કરે છે. તમે નોંધ્યું હશે કે, આ ભાજપ અને આરએસએસ (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)ના સ્વભાવમાં છે.

જ્યારે રાહુલ (૫૨)એ એક ઈન્ટરવ્યુ દરમિયાન જયશંકર દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો તમે વિદેશ પ્રધાનના નિવેદન પર ધ્યાન આપ્યું હોત, તો તમે જોયું હોત કે તેમણે કહ્યું હતું કે, ચીન અમારા કરતા વધુ શક્તિશાળી છે. એ જાણીણે કે ચીન આપણા (ભારત) કરતાં વધુ શક્તિશાળી છે, આપણે તેની સાથે કેવી રીતે લડી શકીએ? આ વિચારધારાના કેન્દ્રમાં કાયરતા છે.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત જાહેર પરીક્ષા બીલને મંજૂરી આપી

ગાંધીનગર,

રાજ્યમાં યુવાનો પરીક્ષાની તૈયારીમાં પોતાનુ તમામ જોર લગાવી દે છે. પરંતુ જ્યારે પરીક્ષા આપવા જાય છે ત્યારે તેના થોડા કલાકો અગાઉ જ ખબર પડે છે કે, પેપર લીક થઈ ગયુ હોય છે. આ બાબતને રાજ્ય સરકારે ગંભીરતાથી લઈને ગુજરાત વિધાનસભામાં ગુજરાત જાહેર પરીક્ષા બીલને વિધાનસભામાં લાવવામાં આવ્યુ હતુ. જેને રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવ્યુ હતુ. જેને રાજ્યપાલ દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. રાજ્યમાં થઈ રહેલા પેપર ફુટવાની જે ઘટના બની રહી છે તેને અટકાવા માટે ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા ગુજરાત વિધાનસભામાં ગુજરાત જાહેર પરીક્ષા બીલ લાવામાં આવ્યુ હતુ. જેને સુધારા સાથે વિધાનસભાાથી પાસ કરવામાં આવ્યુ હતુ. આ બીલને સર્વાનુમતે ગૃહમાથી પસાર કરવામાં આવ્યુ હતુ.

કાયદામાં પેપર ફોડનર તત્વો સામે કાર્યવાહી કરવા માટે કડક સજાની જોગવાઈ કરવામાં આવી છે જે અનુસાર ૧૦ વર્ષની જેલની સજા અને ૧ કરોડ રૂપિયાનો દંડ આ ગુનામાં ઝડપાયેલા ગુનેગારોને પરીક્ષા સાથે સંકળાયેલી એજેન્સીઓ સરકારી ઈસમોને ત્રમ વર્ષની સજાની જોગવાઈ, આજીવાન ભરતી પકીક્ષા કે અન્ય સરકારી કામોમાં મળવા પર પ્રતિબંધ જે પરીક્ષાર્થી આ પેપર ખરીદી કરશે તેને પણ સજા આપવામાં આવશે. જેમાં ૧ લાખનો દંડ, ત્રણ વર્ષની સજાની કડક જોવાઈ, તેમજ બીનજામીનપાત્ર ગુનો ગણવામાં આવશે. ભરતી પરીક્ષામાં બેસવા પર કાયમી પ્રતિબંધ.

## રાજ્યમાં હાલ કોવિશિલ્ડ અને કોવેક્સિનના કુલ ૨૫ હજાર ડોઝ કોલ્ડ સ્ટોરેજ મા સુરક્ષિત

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પૂછાયેલ કોવેક્સિનના પ્રશ્ન સંદર્ભે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે,રાજ્યમાં ૮ મહિનામાં પ્રિ-કોશન ડોઝ માટે કોવેક્સિનના ૪૧ લાખ ડોઝની માંગણી સામે કેન્દ્ર સરકાર દ્વારા ૫૧.૭૩ લાખ ડોઝ ગુજરાતમાં ઉપલબ્ધ કરાયા છે.

રાજ્યમાં હાલ કોવિશિલ્ડ અને કોવેક્સિનના મળીને કુલ ૨૫ હજાર ડોઝ કોલ્ડ સ્ટોરેજ મા સુરક્ષિત છે જેને ૩૧-૩-૨૦૨૧ સુધીમાં સફળ રસીકરણ દ્વારા લોકોને ઉપલબ્ધ કરાવીને કોરોના સામે સુરક્ષિત કરવામાં આવશે..મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોનાની રસીના સફળ રસીકરણ અભિયાનના પરિણામે જ આજે આપણું રાજ્ય કોરોના સામે સુરક્ષિત છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,વિશ્વના અન્ય દેશોમાં કોરોનાની ત્રીજી લહેર સામે ઝઝુમી રહ્યા હતાં ત્યારે ભારત દેશ અને ગુજરાતમાં થયેલ સફળ રસીકરણના પરિણામે જ આપણે સુરક્ષિત રહી શક્યાં છીએ.

મંત્રીએ વધું માં કહ્યું કે, તા. ૨૬.૦૨.૨૦૨૩ ની સ્થિતિએ ગુજરાત રાજયને કુલ ૯,૪૫,૯૫,૪૦૦ ડોઝ કોવિશિલ્ડ, ૧,૮૬,૧૬,૩૭૦ ડોઝ કોવેકસીન અને ૪૩,૨૧,૫૦૦ ડોઝ કોર્બેવેકશ મળીને કુલ ૧૧,૭૫,૩૩,૨૭૦ ડોઝ કોવિડ-૧૯રસીના મળ્યા છે. જેનુ સફળ રસીકરણ રાજ્યમાં થયું છે.

## ગણતરીની સેકન્ડોમાં દુશ્મનનું કામ તમામ : નૌકાદળમાં મિસાઈલનું સફળ પરીક્ષણ

નવીદિલ્હી,

ભારતીય નૌકાદળની તાકાતમાં વધુ ઉમેરો થયો છે અને દુશ્મનોના કામ તમામ કરી દેતી મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. નૌકાદળ દ્વારા આઈએનએસ વિશાખાપટ્ટનમ સ્થિત મધ્યમ સપાટીથી હવામાં પ્રહાર કરનારી મિસાઈલનું સફળ પરીક્ષણ થયું હતું. પરીક્ષણ દરમ્યાન એમઆરએસએએમ દ્વારા સચોટ નિશાન પાર પાડવામાં આવ્યું છે.

આ મિસાઈલ સંપૂર્ણપણે ભારતમાં બનાવવામાં આવી છે અને આત્મનિર્ભર ભારતની દિશામાં મહત્વપૂર્ણ કદમ ગણવામાં આવે છે. ડીઆરડીઓ તથા ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી દ્વારા સંયુક્ત રીતે મિસાઈલ વિકસાવવામાં આવી છે.

આ મિસાઈલની ખાસીયત એ છે કે, હવામાં એક સાથે આવનાર અનેક ટાર્ગેટને એક સાથે વીંઝી શકે છે અથવા ૩૬૦ ડીગ્રી ફરીને દુશ્મનો પર પ્રહાર કરી શકે છે. ગણતરીની સેકન્ડોમાં ટાર્ગેટને વિંઝી શકવાની ક્ષમતા ધરાવતી અને ૭૦ કી.મી.ની કક્ષામાં આવતી કોઈપણ મિસાઈલ યુદ્ધ વિમાન હેલીકોપ્ટર, ડ્રોનને ધ્વસ્ત કરી શકવા સક્ષમ છે.

## ઈસરો સામે મોટો પડકાર! મેઘા ટ્રોપિક્સ-૧ તૂટવાનો ખતરો વધ્યો

નવીદિલ્હી,

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એટલે કે ઈસરો મેઘા ટ્રોપિકસ-૧ ઉપગ્રહને પ્રશાંત મહાસાગરમાં પાડવાની તૈયારી કરી રહ્યું છે. મેઘા ટ્રોપિકસ-૧ ઉપગ્રહ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યા બાદ આ ઉપગ્રહને પ્રશાંત મહાસાગરમાં છોડવામાં આવશે. આ ઉપગ્રહનો કાર્યકાળ પૂરો થઈ ગયો છે, તેથી પ્રશાંત મહાસાગરમાં પાડવાનો નિર્ણય કરાયો છે. ઈસરો અને ફ્રેન્ચ સ્પેસ એજન્સી સીએનઈસીએ ઉષ્ણકટિબંધીય હવામાન અને આબોહવા અભ્યાસ માટે સંયુક્ત રીતે ૧૨ ઓક્ટોબર-૨૦૧૧ના રોજ એમટી૧ને લોન્ચ કર્યુ હતું. બેંગલુરુ સ્થિત અવકાશ એજન્સીએ રવિવારે એક નિવેદનમાં કહ્યું કે, આ ઉપગ્રહનું આયુષ્ય ત્રણ વર્ષ હતું, તેમ છતાં ૧૦ વર્ષ સુધી મહત્વનો ડેટા આપતો રહ્યો હતો. ઈસરોએ જણાવ્યું કે, મેઘા ટ્રોપિક્સ-૧ ઉગગ્રહને આવતીકાલે ૪.૩૦થી ૭.૩૦ વચ્ચે પાડવામાં આવશે. ઈસરોના જણાવ્યા અનુસાર એમટી૧ને પૃથ્વીના વાતાવરણમાં સુરક્ષિત રીતે પરત લવાશે. આશરે ૧,૦૦૦ કિગ્રા વજન ધરાવતા આ સેટેલાઈટમાં લગભગ ૧૨૫ કિલોગ્રામ ઈંધણ બચ્યું છે, જેના કારણે આકસ્મિક રીતે ઉપગ્રહ તૂટવાનું જોખમ વધ્યું છે. સામાન્ય રીતે કોઈ મોટી જાનહાની ન સર્જાય તે માટે મોટા ઉપગ્રહ-રોકેટોને જમીન પર કોઈ નિર્જન વિસ્તારમાં પાડવામાં આવે છે, તેથી એમટી ૧ને પાડવા માટે પ્રશાંત મહાસાગરના નિર્જન વિસ્તારને પસંદ કરાયો છે.

## હોળીનો વરતારો : આ વર્ષે મંદી-મોંઘવારી માઝા મૂકી શકે, પ્રજાનો અસંતોષ, ઋતુભંગ, રોગચાળો અને યુદ્ધની સ્થિતિની સંભાવના વર્તાઈ શકે

અમદાવાદ,

આ વર્ષે હોળી પ્રાગટ્યના સમયે જ ગુજરાતના અનેક વિસ્તારોમાં વાવાઝોડૂ, વંટોળ અને વરસાદ સાથે ચોમાસા જેવો માહોલ જામ્યો હતો. હોળીના દિવસે અને ફાગણમાં આ પ્રમાણેની ઘટના અનેક વર્ષો પછી બની છે, હોળી પ્રાગટ્યના સમયે જ વડવાઓ અને જ્યોતિષીના જાણકારો આવનારા ચોમાસાની આગાહી કરતાં હોય છે. તે પ્રમાણે આ વર્ષે વિચિત્ર સંકેતો મળી રહ્યાં હોવાથી જ્યોતિષીઓ સાથે વાતચીક કરતા તેમના મંતવ્યોને જાણ્યાં હતાં...સામાન્ય રીતે હોળી પ્રાગટ્ય વખતે જે દિશામાં પવન વાય તે દિશા પ્રમાણે ચોમાસમાં વરસાદ, રાજકીય આગાહીઓ કરવામાં આવતી હોય છે. તે પ્રમાણે ભડલી વાક્ય પ્રમાણે- જો વંટોળ ચારે વાય, પૃથ્વી રણસંગ્રામ બતાય, તે પ્રમાણે વિચિત્ર સંકેતો મળી રહ્યાં છે.

હોળીના દિવસે જ વરસાદ પડતાં આ વખતે ચોમાસું અણધાર્યું રહેશે તેવી જ્યોતિષીઓ દ્વારા આગાહી કરવામાં આવી છે. શાસ્ત્રવિદોના મતે એવો કઈ સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી કે હોળીના દિવસે વરસાદ આવે તો કંઈ મોટું ભયંકર અશુભ થાય. પરંતુ હોળી પ્રાગટયનો તહેવારમાં હોળીની પ્રદક્ષિણા કરી વર્ષ સુધી નિરોગી રહેવા માટે ભગવાન વિષ્ણુના આશીર્વાદ મેળવવામાં આવે છે. તેમાં કંઈક વિક્ષેપ પડયો હોય તેવું જરૂર માની શકાય.આગામી સમય આમ જનતા માટે સામાજિક,આર્થિક,રાજકીય મહાનુભવો માટે તેમજ વર્ષાઋતુ કેવી રહેશે ? ધન-ધાન્ય કેવુ પાકશે ? કુદરતી કે અકુદરતી ઘટનાઓ કેવી બનશે ?

જ્યોતિષચાર્યે જણાવ્યું હતું કે હોળીનો પર્વ હોય તેમાં પણ જો ભદ્રા જેવી સ્થિતિ હોય જેનું લોકોએ અનુસરણ કર્યું નથી તે ખરેખર અશુભ માનવામાં આવે છે, ભદ્રામાં જો હોળી પ્રગટાવવામાં આવે તો નિયમ મુજબ રાષ્ટ્રમાં આગની અને વાવાઝોડાની ઘટનાઓ સાથે ખંડ વૃષ્ટિ (દુષ્કાળ) જેવી સ્થિતિ વર્તાય છે પરંતુ આ વખતે જ્યારે હોળી પ્રગટાવવામાં આવી તેની જાણ તેની જ્વાળા આકાશ તરફ ગઈ ન હતી એની જગ્યાએ પવનની દિશા એકંદરે પશ્ચિમ વાયવ્ય અને નૈઋત્યને મળતી હતી ખંડ વૃષ્ટિ અવશ્ય રહેશે વાવાઝોડું કે વધારે પવન સાથે વરસાદ આવે વૃક્ષોને નાશ થાય છે, આ વખતે હોળીના નિર્ધારિત સમયમાં વધારે પડતો વાવાઝોડું પવન આકાશમાં ડમરીઓ જોવા હતી જે ખરેખર ખેતી અને ઉદ્યોગો માટે સારા સમાચાર ન કહી શકાય સામાન્ય રીતે રાજ્ય કે દેશમાં ઘણી કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડી શકે છે, જે હોળીકા દહન ભદ્રામાં થયા છે તેના પ્રભાવના ભાગ રૂપે દુષ્કર્મો બેરોજગારી મોંઘવારી જોવા મળશે, સમગ્ર વર્ષ દરમ્યાન નાની મોટી કુદરતી આફતોનો સામનો કરવો પડશે.

ભાવનગરના શ્રીધર પંચાંગના જ્યોતિષે જણાવ્યું હતું કે પ્રમાણે આ વખતે હોળીના દિવસે વાવાઝોડાની પરિસ્થિતિ રણસંગ્રામનો સંકેત આપી રહી છે. ચમાસુ અનિશ્ચિત સંકેત આપી રહ્યું છે. વરસાદ સારો થાય કે પૂરની સ્થિતિ રહે, ઊનાળો મોડો બેસે કે ગરમી વધશે તે અનિશ્ચિત મનાઈ રહ્યું છે. ભારતના ઈતિહાસમાં ફાગણમાં હોળીના દિવસે વરસાદી માહોલ પેદા થયાનું અનેક વર્ષો પછી બન્યું છે. આવું થાય ત્યારે અઘટિત ઘટના બનવાના સંકેત મળે છે, આર્થિક સ્થિતિ મંદ પડી શકે છે, રાજકીય રીતે મોટા નેતાનું સ્થાન પરિવર્તન કે નિધન થઈ શકે છે. સત્તામાં પરિવર્તન થઈ શકે છે. સત્તાનું બળ ઓછું થઈ શકે, પ્રજાનો સત્તા પ્રત્યેનો રોષ વધે, અનાજનો ભાવ વધે, મોંઘવારી વધે, સરહદ પર યુદ્ધની સ્થિતિ રહે. વિદેશ સાથેના મતભેદ વધી શકે, ઋતુભંગ થવાનો સંકેત હોવાથી ચોમાસુ વહેલુ કે મોડું રહે, વારંવાર વરસાદી માહોલ રહે, અનાજના પાક ખરાબ થઈ શકે. પશુ-પક્ષીઓના મોત વધી શકે.

વિક્રમ સંવત ૨૦૭૯ની હોળી પ્રગટાવવાની સાથે અગ્નિજવાળા વાયવ્ય દિશા બાજુ ભુભુકવા માંડી હતી,અને ત્યાર પછી વરસાદની શરૂઆત થઈ હતી.જયારે અન્ય જ્યોતિષાચાર્યે જણાવ્યું હતું કે હોળીનાં પ્રાગટ્ય પછી ગણતરીની મિનિટોમાં દક્ષિણ અને નૈઋત્ય દિશામાં પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી જેથી નજીક નાં સમયમાં યુદ્ધ જન્ય પરિસ્થિતીનું નિર્માણ સંભવિત છે, ખેતીજન્ય પાક મોટા પ્રમાણમાં બગડી શકે છે સાથે જ રાજ્યમાં મંદી અને મોંઘવારી જેવા પ્રશ્નો માઝા મુકશે સાથે આતંકવાદનો પ્રશ્ન ગહન બનશે. પાછળના ભાગમાં વરસાદ મબલક વધે.હિંસક પશુઓ સાથે નાના જીવ જંતુ નો ઉપદ્રવ વધે તેવી સંભાવનો વર્તાઈ રહી છે. જવાળાની શરૂઆતની ગણતરીની મિનિટોમાં જવાળા ચારેબાજુ ધુમાડા જેવી જોવાથી રાજકીય ક્ષેત્રે મહાનુભાવનું ભાવિ વધારે અશાંતિ,ઉદ્વેગ,અને અંધાધૂંધી વાળુ જોવા મળી શકે છે, આકસ્મિક દુર્ઘટના જેવી અશુભ શક્યતા નકારી શકાતી નથી.

આ ઉપરાંત જ્યોતિષાચાર્ય કલ્પેશ જોષીના જણાવ્યા પ્રમાણે 'હોળીની જ્વાળા ઉત્તરથી ઈશાન તરફ ગઈ હતી અને ત્યારબાદ વંટોળને કારણે જ્વાળા દક્ષિણ દિશા તરફ જોવા મળી હતી. જેને પરિણામે દેશનાં કેટલાંક પ્રદેશોમાં રાજકીય વંટોળ સર્જાવાની શક્યતા જણાય છે, હોળીના દિવસે વાયવ્ય તરફનો પવન હોવાને કારણે મુહૂર્તની દ્રષ્ટિએ આ નિશાની સારી નથી. ભારે પવન અને વાવાઝોડાને કારણે ચોમાસામાં ખેડૂતો પર અસર પડી શકે છે. જો વાવાઝોડાનું પ્રમાણ વધે તો ખેડૂતોના પાકને નુકસાન થવાની સંભાવના જોવા મળી રહી છે.

## ગુજરાતના ૫૬૦ માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે

ગાંધીનગર,

પાકિસ્તાનના માછીમારો પણ ક્યારેક સરહદ પાર કરીને ભૂલથી ભારત આવી જાય છે, જેમની ભારતીય એજન્સીઓ દ્વારા ધરપકડ કરવામાં આવે છે. સામાન્ય રીતે માછીમારો સારી સંખ્યામાં માછલી પકડવાના લોભમાં ભૂલથી સરહદ પાર કરી જતા હોય છે. આ અંગે ગુજરાત સરકારે વિધાનસભામા આંકડો રજૂ કર્યો હતો. ગુજરાત સરકારે વિધાનસભામાં માહિતી આપતાં જણાવ્યું છે કે, ગુજરાતના ૫૬૦ માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે. આ માછીમારો ભૂલથી સરહદ પાર કરી ગયા હતા અને પાકિસ્તાની સેનાના હાથે ઝડપાઈ ગયા હતા. આ અંગે વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. જેના જવાબમાં ગુજરાતના મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ સુધી ગુજરાતમાંથી કુલ ૫૬૦ માછીમારો પાકિસ્તાનની કસ્ટડીમાં છે. મંત્રીએ કહ્યું કે છેલ્લા બે વર્ષમાં આ ૨૭૪માંથી અડધાની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૧માં ગુજરાતમાંથી ૧૯૩ માછીમારો પાકિસ્તાને પકડ્યા અને ૨૦૨૨માં ૮૧ માછીમારો પાકિસ્તાને પકડ્યા હતા. પાકિસ્તાન દ્વારા પકડાયેલા માછીમારોના પરિવારોને સરકાર દ્વારા આપવામાં આવતી સહાયના જવાબમાં ગુજરાત સરકારે માહિતી આપી હતી કે, પાકિસ્તાનની જેલમાં બંધ ૩૨૩ માછીમારોના પરિવારોને દરરોજ રૂ.૩૦૦ની સહાય આપવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૧માં ૩૦૦ પરિવારોને આ આર્થિક સહાય આપવામાં આવી હતી અને ૨૦૨૨માં ૪૨૮ પરિવારોને આ આર્થિક સહાય આપવામાં આવી હતી.

# મહીસાગર જિલ્લા જન ઔષધિ દિવસ ૪૨ પાટીદાર સમાજ ઘર ખાતે યોજાયો



મહીસાગર,

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રધાનમંત્રી જન ઔષધિ પરિયોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં જન ઔષધિ દિવસની ઉજવણી ૪૨ પાટીદાર સમાજ ઘર ખાતે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની ઉપસ્થિતમાં કરાયો.

આ પ્રસંગે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે હોળીની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, લોકોને ઓછા ભાવે ગુણવત્તાયુક્ત દવાઓ પ્રાપ્ત થઈ રહે તે હેતુસર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં ''પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી પરીયોજના'' કાર્યરત છે. સરકાર સૌ માટે હરહંમેશ ચિંતા કરે છે. ત્યારે દરેક વ્યક્તિએ સરકારી યોજનાઓનો લાભ લેવો જોઈએ મહત્તમ લોકો જરૂરિયાતના સમયે આ યોજનાનો લાભ લે અને જન ઔષધી કેન્દ્ર પરથી જ જેનેરીક દવાઓ ખરીદે તેવા આશય સાથે શરૂ થયેલા જન ઔષધી કેન્દ્રોમાં અપાતી દવાઓ બહાર મળતી દવાઓ કરતા ૫૦% ઓછા ભાવમાં ઉપલબ્ધ હોય છે અને કેટલાક કિસ્સાઓમાં બ્રાન્ડેડ દવાઓની સરેરાશ બજાર કિંમત કરતા ૮૦% થી ૯૦% જેટલી સસ્તી હોય છે.

આ પ્રસંગે પૂર્વ ધારાસ્ય જીગ્નેશભાઈ સેવકે જણાવ્યું હતું કે , વડાપ્રધાન છેવાડાના માનવીની ચિંતા કરે છે. પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ માં ૫ લાખની બદલે ૧૦ લાખની મર્યાદા કરવામાં આવી છે, જેથી દરેક વ્યક્તિએ આયુષ્માન કાર્ડનો લાભ લેવો જોઈએ.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકરી કે.ડી.લાખાણી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અગ્રણી રાવજીભાઈ, ડોક્ટર સ્ટાફ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# આદિવાસી આર્ટસ અને કોમર્સ કોલેજ સંતરામપુરમાં ઈન્ટરનેશનલ વેબીનાર યોજાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના કોમર્સ વિભાગદ્વારા ઈમ્પોર્ટ એક્સપોર્ટ બેસ્ટ બિઝનેસ ઈન ધ વલ્ડ વિષય ઉપર ઈન્ટર નેશનલ વેબીનાર નું આયોજન તા.૬ માર્ચ, ૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. આ ઈન્ટરનેશનલ વેબિનારમાં મોટી સંખ્યામાં વિવિધ યુનિવર્સિટીના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ જોડાયા હતા. વેબિનારના શુભારંભમાં કાર્યક્રમની પ્રારંભિક રૂપરેખા કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. મો.ઈશાક પટેલ દ્વારા આપવામાં આવી હતી. આચાર્ય ડો. અભય પરમાર દ્વારા પ્રારંભિક ઉદબોધન કરી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વેબિનારમાં ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈમ્પોર્ટ એન્ડ એક્સપોર્ટ મેનેજમેન્ટ, અમદાવાદના વાઈસ પ્રેસિડેન્ટ તૃપ્તિ શાહ દ્વારા વેબિનાર નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું અને મનનીય બીજરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું હતું. તૃપ્તિ શાહ દ્વારા વૈશ્વિક સ્તરે વ્યાપાર ની સ્થિતિ તથા વાસ્તવિકતા, ઈમ્પોર્ટ એક્સપોટનો વ્યાપાર કેવી રીતે કરી શકાય, તેના માટે કયા માધ્યમોની જરૂર પડી શકે તથા તેના સાથે સંકળાયેલ સરકારી સંસ્થાઓ વિશે માહિતી સભર મનનીય વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વધુમાં તેમને જણાવ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ માત્ર ડિગ્રી લક્ષી નહીં પરંતુ રોજગાર લક્ષી વ્યવસાય માં આયાત નિકાસના રોજગારમાં યુવાનો જોડાઈને ભારતમાં ઉત્પાદિત વસ્તુઓ વૈશ્વિક સ્તરે પહોંચાડે તેવી વ્યવસ્થા કરવાની આવશ્યકતા છે. વેબીનારમાં વક્તા તરીકે નરેન્દ્રભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમના બીજરૂપ વકતવ્યમાં તેમણે વિદ્યાર્થીઓ દ્વારા વેબિનાર ના વિષય સંદર્ભે અત્યંત ઉપયોગી વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે વિવિધ કેસ સ્ટડી દ્વારા વિવિધ ઉદાહરણોના માધ્યમથી કેવી રીતે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ આ પ્રક્રિયામાં જોડાઈ શકે તેના ઉપર પ્રકાશ પાડયો હતો. કાર્યક્રમનું ટેકનિકલ સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડો.પંકજ ચૌધરી તથા ક્લાર્ક મેહુલ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર વેબીનારનું સફળ સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડો. કામિની દશોરા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપનમાં કોમર્સ વિભાગના પ્રોફેસર આર.પી.પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ઈન્ટરનેશનલ વેબીનારની ભવ્ય સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વનરાજભાઈ ડામોર દ્વારા તેમજ આચાર્ય ડો.અભય પરમાર દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# મહીસાગર જિલ્લામાં પાન ઈન્ડીયા પ્રોજેક્ટ અંતર્ગત મહીલા અઠવાડીયું તા.૦૪ માર્ચથી તા.૧૧ મી માર્ચ-૨૦૨૩ ઉજવણી થઈ રહી છે

મહિસાગર,

નામદાર નાલસા નવી દિલ્હી અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદની સુચના અને માર્ગદર્શન અન્વયે મહીસાગર જિલ્લામાં પાન ઈન્ડીયા પ્રોજેક્ટ અંતર્ગત મહીલા અઠવાડીયું તા.૦૪ માર્ચથી તા.૧૧ મી માર્ચ–૨૦૨૩ સુધીની ઉજવણી સમગ્ર ભારતમાં થવા જઈ રહી છે

જે અંતર્ગત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહીસાગરના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધિશ એચ.એ.દવે ના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા તથા નેશનલ કમિશન ફોર વુમનના સહયોગથી સમગ્ર મહીસાગર જિલ્લામાં મહીલાઓને મળતા સરકારી લાભો તથા સ્ત્રીઓને સશકત કરવા કાયદાઓથી ખુબ જ અંતરિયાળ અને છેવાડાના ગામડાઓમાં મહિલાઓને જાગૃત કરવા સારૂ કાનૂની શિક્ષણ શિબિર તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ એ.પી.એમ.સી હોલ, વિરપુર મુકામે સફળતા મુજબ યોજવામાં આવેલ જેમાં વિરપુરનાં છેવાડાંનાં ગામડાઓમાંથી કૂલ ૬૨ મહિલાઓ ઉપસ્થિત રહેલ જેમાં મહિલાઓ માટે અતિ ઉપયોગી એવાં કાયદાઓની માહિતી આપતી એડમિનિસ્ટ્રેટીવ કીટનું વિતરણ કરવામાં આવેલ

તથા બીજી શિબિરનું આયોજન તા.૧૦/૦૩/૨૦૨૩નાં રોજ મહિસાગર જીલ્લાનાં કડાણા તાલુકાનાં ગોધર ગામ મુકામે રાખવામાં આવેલ છે. ઉપરોકત બંને લીગલ અવેરનેસ કાર્યક્રમોમાં મહિલાઓને તેમનાં હકોથી અવગત કરાવવા સારૂ અને મહીલાઓને આધુનિક યુગમાં પોતાના હકો અને ફરજો સાથે કઈ રીતે ટકી રહેવું તેનું માર્ગદર્શન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહીસાગરના પ્રર્ણ કાલીન સચિવ તથા નારી અદાલત લુણાવાડાના કો–ઓર્ડીનેટર મુકિતબેન જોષી, મહીલા એડવોકેટ પન્નાબેન જોષી, અને કુ. સોનમબેન કડીયા દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# મહીસાગર જિલ્લામાં ગાજવીજ સાથે વાવાઝોડું ફૂંકાયું


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

મહીસાગર જિલ્લામાં અચાનક વાતાવરણમોં પલટો આવ્યો. ઉનાળાની ઋતુ ચાલુ થતા પહેલા મેઘરાજાનું સમગ્ર પંથકમાં સુસવાટાભર્યું પૂરઝડપે ગાજવીજ સાથે આગમન થયું. તેમજ વીજળીના કડાકા સાથે વાવાજોડું ફૂંકાયું અને છૂટોછવાયા કમોસમી વરસાદના કારણે મલેકપુરમાં હોળીના દિવસે વરસાદ આવ્યો હતો. ત્યારે હોળી રાતના ૯:૩૦ વાગ્યા પછી પ્રગટાવવામાં આવી હતી. વરસાદમાં નાજુક ઝાડવા પણ ધરાશાયી થયાં. ભારે પવનના કારણે મલેકપુર તેમજ આજુબાજુના ગામોમાંવિજ પુરવઠો ખોરવાઈ જતા વીજળી ડૂલ થતા અંધારપટ છવાયો ત્યારે મલેકપુર થી ૧૦ કિમી દૂર આવેલ દરજી ચાકલીયા ગામે લગ્નનો મંડપ પણ છૂટી પડ્યો હતો.

કમોસમી માવઠું થતા ખેડૂતોને રોવાનો વારો આવે તો નવાઈ નહિ ઘવ કાપવાની સીઝન ચાલતી હોઈ ખેડૂતોના મોંઘા ખાતર બિયારણો વાવી મહામુલા ખરીફ તૈયાર થયેલા પાકની લણણી ચાલતી હોય, ઘઉંના ઢગલાં એક ખેતરમાંથી બીજા ખેતરમાં સંતાકૂકડી રમતા જોવા મળ્યા. જેથી ખેડૂતોની મહેનત એળે જાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.



રાધાસ્વામી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ભોમાનંદ હાઈસ્કૂલ મું.નાની સરસણમાં અભ્યાસ કરતા ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ કાર્યક્રમાં હાજરી આપી. જેમાં ૧૪ માર્ચ ૨૦૨૩ નારોજ થી શરૂ થનાર બોર્ડની પરીક્ષામાં તેઓ સારી સફળતા મેળવી તમેના માં-બાપ તેમજ તેમની સ્કૂલનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવીને તેઓ નેબોર્ડની પરીક્ષામાં કામ લાગે તે મુજબ ૩૦૦ વિદ્યાર્થીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્ય અને શિક્ષક મિત્રો, તેમજ રાધાસ્વામી એજ્યુકેશન લુણાવાડાના સ્ટાફ મિત્રો હાજરી આપી.

# મહીસાગર યુવા ફાઉન્ડેશન દ્વારા અનાથ દિવ્યાંગ બાળકો તથા વિધવા અને વિધુર વ્યકિતઓને લાડુ ચોખાની ૨ કિલો કીટનું વિતરણ કરવામાં આવ્યું



લુણાવાડા,

મહિસાગર કડાણાના યુવા ફાઉન્ડેશન દ્વારા હોળીનો તહેવારના દિવસે અનાથ, દિવ્યાંગ બાળકો તથા વિધવા અને વિધુર વ્યકિતઓને હોળી ના શુભપર્વ નિમિત્તે લાડું સ્વરૂપે મીઠાઈ તેમજ ચોખાનુ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ, અંદાજે ૫૦૦ જેટલાં લાડુ અને ચોખાની ૦૨ કિલોની કીટો ૧૩ જેટલાં ગામમાં જઈને ૫૫ જેટલાં અનાથ અને દિવ્યાંગ બાળકો તથા વિધવા અને વિધુર વ્યકિતઓને હોળીનાં તહેવારની નિમિતે યુવા ફાઉન્ડેશન દ્વારા એક અનોખી પહેલ હાથ ધરી હતી. ઘરે ઘરે જઈને કિટનું વિતરણ કર્યુ.

મહિસાગર યુવા ફાઉન્ડેશન ટીમને અનાથ દિવ્યાંગ બાળકોને શિયાળાની ઋતુમાં પણ સ્વેટર વિતરણની સારી કામગીરી બદલ ખાનપુર તાલુકાની ખાનપુર પ્રાથમિક શાળા અને કડાણા તાલુકાની વેલણવાડા પ્રાથમિક શાળામાં વાર્ષિક ઉત્સવમાં સારી કામગીરી બદલ ટ્રોફી અને સાલ થી સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજસ્થાન ખાતે યોજાયેલી ક્રિકેટમેચ સ્પર્ધામાં લુણાવાડા ઈન્ડિયન્સ ટીમે ઉજ્જૈનની ટીમને હરાવી ફાઈનલ મેચ જીતી



લુણાવાડા,

મહિસાગર જીલ્લાના લુણાવાડાનગરની ક્રિકેટ ટીમે રાજસ્થાન ખાતે યોજાયેલી એક ક્રિકેટ સ્પર્ધામાં ફાઈનલ મેચ જીતીને જીલ્લાનું ગૌરવ વધારૂચ છે. વિજેતા થતા તેમને ટ્રોફી એનાયત કરવામા આવ્યા હતા.

રાજસ્થાનના કોથરી પ્રતાપગઢ ખાતે એક ક્રિકેટમેચ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. જેમા મહિસાગર જીલ્લાના લુણાવાડા શહેરની ક્રિકેટ ટીમે કે જેમનું નામ લુણાવાડા ઈન્ડિયસ રાખવામાં આવ્યું હતું. તેમણે પણ ભાગ લીધો હતો. જેમા ફાઈનલ મેચ લુણાવાડા ઈન્ડિયસ અને ઉજ્જૈનની ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમા ભારે રસાકસીવાળી મેચ જોવા મળી હતી. આખરે તેની વચ્ચે લુણાવાડા ઈન્ડિયન્સની ટીમે ઉજજૈનની ટીમને માત્ર બે રને હરાવી દીધું હતું અને ફાઈનલ મેચ પર વિજય મેળવ્યો હતો. આ વિજેતા ટીમને ટ્રોફી આપવામાં આવી હતી. લુણાવાડાની ટીમ વિજેતા થતા ચાહકો દ્વારા અભિનંદન પાઠવામાં આવ્યા હતા.

# હાડોડ ગામ પાસે આવેલ મહીસાગર નદી કીનારે હોળીના પર્વ પર મેળો યોજાયો



લુણાવાડા,

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના તાલુકાના હાડોડ ગામ પાસે આવેલ મહીસાગર નદી કીનારે હોળીના દિવસે ભાતીગળ મેળો યોજાયો હતો. જયારે લોકો પોતાની વ્યક્તિગત વ્યક્તિગત આસ્થા અને શ્રદ્ધા રાખીને માં મહીસાગરની મનોકામનાઓ રાખતા હોય છે. ત્યારે હોળીના પાવન પર્વના દીવસે રાખેલ માન્યતાઓ આસ્થા પ્રમાણે પૂર્ણ કરે છે. જે પ્રાચીન સંસ્કૃતિથી લોકો દ્વારા કરવામાં આવી રહ્યું છે. લોકો પોતાની વ્યક્તિગત વ્યક્તિગત આસ્થા અને શ્રદ્ધા રાખીને માં મહીસાગરની મનોકામનાઓ રાખતા હોય છે. જે સમય મુજબ પરિપૂર્ણ થતાં હોળીના દિવસે પોતાની રાખેલી મનોકામના યથા શક્તિ મુજબ આસ્થા પ્રમાણે પૂર્ણ કરે છે. જે પ્રાચીન સંસ્કૃતિથી લોકો દ્વારા કરવામાં આવી રહ્યું છે. જયારે વર્ષો થી અહી હોળીના પાવન પર્વ પર મહીસાગર નદીના કીનારે મેળો ભરાતો હોય છે. ત્યારે આ મેળામાં આજુબાજુના ગામડાઓ માંથી મોટી સંખ્યામાં નાગરીકો આવતા હોય છે અને મા મહીસાગર નદીના દર્શન કરી અને સ્નાન કરતા હોય છે અને રાખેલ માનતાઓ પણ પરિપૂર્ણ કરતા હોય છે. જયારે આ મેળામાં મોટી સંખ્યામાં ધંધા રોજગાર માટે ખાણીપીણી લારીઓ લઈ અને વેપારીઓ પણ આવતા હોય છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

વૃષભ : આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે. સમાજમાં શુભ ખર્ચા થશે અને તેમ કરવાથી તમારી ખ્યાતિ વધશે. પરિવારમાં સુખ અને સમૃદ્ધિ મળશે.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કર્ક : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે. ભાગ્યમાં વિશ્વાસ રાખો અને આત્મવિશ્વાસથી કાર્ય કરો. રાત્રે કોઈ તમને કોઈ રીતે મદદ માટે પૂછી શકે છે.

તુલા : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક : આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. કાયમી મિલકતની બાબતમાં, પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

ધનુ : આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર : આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે. આજે તમારા ઘણાં અધૂરા કામો કરવામાં આવશે અને મહત્વની ચર્ચાઓ પણ થશે.

કુંભ : આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન : આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે. કદાચ આજે તમારે પુત્ર અને પુત્રીને લઈને કોઈ મોટો નિર્ણય લેવો પડશે.

# પંચમહાલ જિલ્લામાં ૧૮૧ અભયમ ટીમની પ્રસંશનીય કામગીરી



## જિલ્લામાં છેલ્લા આઠ વર્ષમાં મહિલા હેલ્પલાઈન થકી સલાહ, સૂચન, મદદ અને માર્ગદર્શન માટે કુલ ૪૩૧૭૫ મહિલાઓને મદદ કરી

ગોધરા,

ગુજરાત રાજયની વિશેષતા એ છે કે, પ્રત્યેક બાબતમાં આગવી રીતે પહેલ કરી લોકોને સરળતાથી યોજનાઓનો લાભ પહોચાડી શકાય તેવા અનેક સંવેદનશીલ નિર્ણયો લેવામાં આવેલ છે. મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીની બાબતમાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ–માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે '' મહિલા હેલ્પલાઈન''ની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને GVK EMRI દ્વારા સંકલિત રીતે ૮ માર્ચ ૨૦૧૫ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રાજયવ્યાપી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી હતી.

રાજયની મહિલાઓને સામાજિક અને આર્થિક રીતે સુદ્રઢ બનાવવા હંમેશા ચિંતિત અને પ્રયત્નશીલ રહેતી રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે સેફ સિટી પ્રોજેક્ટ હેઠળ રાજયના વસ્તી અને વિસ્તારની દષ્ટિએ સૌથી મોટા અને આર્થિક–કેપિટલ એવા અમદાવાદ શહેરમાં ખૂબ જ ઓછા સમયમાં રેસ્ક્યુવાનની સેવા મળી રહે તે હેતુથી નવી કુલ–૧૨ અભયમ રેસ્ક્યુવાનને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન હેઠળ તા.૦૫/૦૩/૨૦૨૩ના રોજ મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવેલ છે.

માત્ર ૦૮ વર્ષનાં ટુંકા સમયગાળામાં જ ૧૧,૭૬,૧૦૨થી વધારે મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, બચાવ, માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું છે અને ૧૮૧એ અનેક માહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલર દ્વારા ૨,૩૭,૯૦૧ જેટલા મહિલાને મદદ પુરી પાડેલ છે. અને ૧,૪૯,૩૩૫ જેટલા કિસ્સામાં સ્થળ ઉપર જ સમાધાન કરી કેસનો નિકાલ કરેલ છે. ૭૧,૮૭૨ જેટલી મહિલાઓના ગંભીરપ્રકારના કિસ્સામાં ઘટના સ્થળ ઉપર જઈને રેસક્યુવાન દ્વારા રેસક્યું કરીને લાંબાગાળાના કાઉન્સિલિંગ માટે સરકારની અન્ય સંસ્થાઓ સુધી પહોચાડવામાં આવેલ હતા.

પંચમહાલ જિલ્લામાં છેલ્લા આઠ વર્ષમાં મહિલા અભયમની ટીમ દ્વારા મહિલા હેલ્પલાઇનમાં સલાહ, સૂચન, મદદ,માર્ગદર્શન માટે કુલ કોલ ૪૩૧૭૫ અને સ્થળ પર ૭૭૮૫ જેટલી મહિલાઓને મદદ પહોંચાડીને સરાહનીય કામગીરી કરેલ છે.

# ગોધરાના મકનકુવા કડીયાવાડમાં જુગાર રમતા ૫ જુગારીયા ઝડપ્યા

ગોધરા,

ગોધરા મકનકુવા કડીયાવાડ ખાતે જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ જુગારીયાને ૧૮,૦૨૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા મકનકુવા કડીયાવાડ ખાતે જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે એ ડિવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન મુનાફ રસુલ મિસ્ત્રી, મુસ્તુફા અનવર મલેક, જાબીર અહેમદ શેખ, ગફાર કાદર મિસ્ત્રી, અલ્તાફ અહેમદ તાસીયાને ઝડપી પાડયા હતા. ઝડપાયેલા ઈસમોની અંગઝડતીમાં ૧૫,૫૯૦/–રૂપીયા દાવ ઉપર મુકેલ ૨,૪૩૦/–રૂપીયા મળી કુલ ૧૮,૦૨૦/–રૂપીયા જપ્ત કરી ઈસમો વિરૂદ્ધ એ ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## દાહોદ જિલ્લામાં મહિલાઓ માટે કપરા સમયમાં સંકટમોચક બનતી ટીમ અભયમ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લામાં મહિલાઓ માટે કપરા સમયમાં સંકટમોચકની ભૂમિકા અભયમ મહિલા હેલ્પલાઈને નિભાવી છે. ગુજરાતની મહિલાઓને અભય બનાવવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૪માં પાઈલોટ પ્રોજેક્ટ બાદ વર્ષ ૨૦૧૫માં ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રાજ્ય વ્યાપી શરૂ કરેલા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પ્રોજેક્ટને સફળતાપૂર્વક ૮ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે દાહોદ જિલ્લામાં પણ ૮ વર્ષ દરમિયાન અભયમે પ્રશંસનીય કામગીરી બજાવી છે.

જિલ્લામાં છેલ્લા ૮ વર્ષમાં અભયમની ટીમે રાઉન્ડ ધ ક્લોક મહિલાઓની સલામતી માટે ફરજરત રહ્યાં છે. જિલ્લામાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં સલાહ, સૂચન- મદદ- માર્ગદર્શન માટે મદદ માટે કરવામાં આવેલા કોલની માહિતી જોઈએ તો ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં ૨૨૯૯૫ જેટલા કોલ કરવામાં આવ્યા હતા. તેમજ ૪૬૦૫ જેટલા કોલમાં ઘટના સ્થળ પર અભયમની ટીમે મહિલાઓની સમસ્યાઓનુ નિરાકરણ લાવીને તાત્કાલિક મદદ પુરી પાડી છે.

તદ્દઉપરાંત, અન્ય કિસ્સાઓમાં પીડિતાની ગંભીર પ્રકારની સમસ્યા જણાતા આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન, મહિલા સહાયતા કેન્દ્ર, સખી વન સ્ટોપ સેન્ટર સહિતની મહિલાલક્ષી સંસ્થાઓ સુધી લઈ જઈ આગળની કાર્યવાહી કરવામાં આવી છે.

જિલ્લામાં ૧૮૧ હેલ્પલાઈનની વિશેષતા જોઈએ તો મહિલાઓ સામે થતી ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા, દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના વખતે તાત્કાલિક બચાવ અને સલાહ-સુચનની કામગીરી હાથ ધરવી અને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલી મહિલાને તાત્કાલિક સહાય આપવી. ટેકનોલોજીનો ઉપયોગ કરી ૨૪ કલાક સેવાઓ આપતી હેલ્પ લાઈન કાર્યરત છે. પીડિત મહિલાને ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ અને માર્ગદર્શન પૂરૂં પાડવું. મહિલાલક્ષી વિવિધ સરકારી યોજનાઓની પ્રાથમિક માહિતી પૂરી પાડવા જેવી કામગીરી અભયમ દ્વારા કરવામાં આવે છે.

ટીમ અભયમ મહિલા સાથે થતી હિંસા (શારીરિક, જાતીય, માનસિક, આર્થિક, કાર્યના સ્થળે, પ્રજોત્પત્તિને લગતી બાબતો), શારીરિક તેમજ માનસિક આરોગ્યને લગતી સેવાઓ, લગ્ન જીવન તેમજ અન્ય સંબંધોના વિખવાદો, જાતીય તેમજ બાળ જન્મને લગતી બાબતો, કાનૂની જોગવાઈઓની પ્રાથમિક માહિતી, આર્થિક ઉપાર્જન, વ્યવસાયને લગતા પ્રશ્નોના નિરાકરણમાં પણ ટીમ અભયમ મહિલાઓને મદદરૂપ બની છે.

સંકટ સમયે મદદગાર બનતી ૧૮૧ અભયમ મોબાઈલ એપ્લીકેશન મહિલાઓ અવશ્ય ડાઉનલોડ કરે.

## ગરબાડા ખાતે પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના અંતર્ગત જન ઔષધિ દિવસ ૨૦૨૩ ઉજવણી કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના જન ઔષધિ દિવસ ૨૦૨૩ ઉજવણી કાર્યક્રમ આજ રોજ દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકા ખાતે જીલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો શિલ્પા યાદવના માર્ગદર્શન અને સુચના અન્વયે યોજવામાં આવ્યો હતો.

જન ઔષધિ દવાઓ સસ્તી અને સારી છે. તમામ સસ્તી વસ્તુ હલ્કીના હોવાના સંકલ્પ સાથે ''સસ્તી એજ સારી''ના સંકલ્પ સાથે તમામ લોકો જેનરીક દવાઓનો વપરાશ કરી અને વધુમાં વધુ લોકો જેનરિક દવાઓનો ઉપયોગ કરે તેવા અભિગમ સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના અંતર્ગત બ્રાન્ડેડ દવાઓની સરખામણીમાં આ યોજના અંતર્ગત આવતી દવાઓ સસ્તી અને સારી છે. લોકોએ વધુ રૂપિયા ચૂકવણી કરીને મેડિકલ સ્ટોરમાંથી દવાઓ લેવાના બદલે જન ઔષધિ કેન્દ્રમાંથી દવાઓ લઈને રૂપિયાની બચત પણ કરી શકે છે. આ દવાઓ સસ્તી અને સારી છે તેવા સુત્રો સાથે જન જાગૃતી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

આયોજના અંતર્ગત ગરબાડા અને દેવગઢ બારીયાના સ્ટોર વિક્રેતાઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ વધુમાં વધુ લોકો જેનરિક દવાઓ લેવા પ્રેરાય તે હેતુથી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન ગણાવા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો શિલ્પા યાદવ, RCHO અધિકારી ડો ઉદય ટીલાવત, જીલ્લા ડ્રગ એન્ડ ફૂડ ઈન્સ્પેક્ટર શિરીષ ગણાવા તમામ લાભાર્થીઓ સ્ટોર વિક્રેતા અને આરોગ્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદ શહેરમાં ઠેર ઠેર હોળીકા દહન થયું કેટલીક જગ્યાઓએ વૈદિક હોળીકા દહન પણ કરાયું



દાહોદ,
હોળી આમતો ફાગણ સુદ પૂર્ણિમાના દિવસે પ્રગટાવવામાં આવે છે, પણ આ વખતે કેલેન્ડરમાં તિથિ અને ક્ષતી થતા બે પૂનમ એટલેકે તારીખ ૬ અને ૭ માર્ચે બપોરે પૂર્ણ થઈ જતી હોવાથી સાથે હોળીકા દહન સંધ્યાકાલે કરવામાં આવતી હોવાથી હોળી ફાગણ સુદ પૂર્ણિમાના આગલા દિવસે ૦૬ માર્ચે સાંજના સાત વાગ્યાથી પ્રગટાવવામાં આવી હતી. જેમાં દાહોદ શહેરની મુખ્ય ગાંધી ચોકની હોળી ૭ વાગીને ૧૫ મિનિટે પ્રગટાવવામાં આવી હતી. જે બાદ અલગ અલગ જગ્યાઓની હોળી પ્રગટાવવા માટે મશાલ સળગાવી અને રાત્રીના પોણા નવ વાગ્યા સુધી હોળીકા દહન કરવામાં આવ્યું હતું. જેમાં હિન્દુ ધર્મમાં રંગ અને ઉમંગનો તહેવાર ખૂબ જ મહત્વનો છે. ત્યારે આ વર્ષે હોળીની તારીખને લઈને લોકોમાં મૂંઝવણ હતી. જોકે, આજે ૬ માર્ચના દિવસે હોળીકા દહન પ્રગટાવવામાં આવી હતી. જેમાં દાહોદ શહેરવાસીઓએ ગળી મોહલ્લાઓમાં હોળીનો તહેવાર ઉજવ્યો હતો અને મંગળવારે અબીલ ગુલાલની છોળો ઉડાડીને રંગોના પર્વ એવા ધુળેટીની ઉલ્લાસભેર ઉજવણી કરાશે. બે અગિયારસને કારણે આ અસમંજસ પેદા થઈ હોવાનું જાણવા મળ્યુ છે.

દાહોદ જિલ્લામાં સોમવારે મહત્તમ ગામોમાં હોળી પ્રગટાવવામાં આવી હતી. ત્યારબાદ તેની પ્રદક્ષિણાકરી પુજા-અર્ચના કરવામાં આવી હતી. જેમાં મંગળવારે લોકો ધુળેટીની ધામધુમથી ઉજવણી કરશે. હોળી અને ધુળેટીની દાહોદ જિલ્લામાં ઉત્સાહભેર ઉજવણી બાદ પરંપરાગત મેળાઓ પણ ભરાશે. જિલ્લામાં હોળી પર્વનું આગવું મહત્વ હોવાને કારણે આખુ વર્ષ મજુરી કામે રહેતાં આદિવાસી સમાજના લોકોનું આગમન આ પર્વની ઉજવણી માટે છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહ્યુ છે.

## દાહોદ જીલ્લામાં કમોસમી વરસાદથી હોળીના ટાંણે ભંગ પડયો



દાહોદ,
દાહોદ શહેર સહિત જિલ્લામાં કેટલાંક વિસ્તારોમાં ગતરોજ રાત્રીના કમોસમી વરસાદને પગલે હોળી ટાણે તહેવારના રંગમાં ભંગ પડ્યો હતો. ઝાલોદ, દાહોદ અને ફતેપુરામાં કમોકમી વરસાદ પડ્યો હતો જેમાં કુલ ૨૩ મીમી વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગની આગાહીને પગલે ગતરોજ રાત્રીના સમયે અને તે પણ હોળીના તહેવારના સમયે જ્યારે સમગ્ર દાહોદ જિલ્લામાં હોળી પ્રગટી રહી હતી તેવા સમયે કમોસમી વરસાદ પડતાં હોળીના તહેવારમાં લોકોના રંગમાં ભંગ પડ્યો હતો. લોકોએ જેમ તેમ કરીને હોળી માતાની પુજા, અર્ચના કરી હતી. દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં ૧૭ મીમી વરસાદ પડ્યો હતો જ્યારે દાહોદ તાલુકામાં ૪ મીમી અને ફતેપુરામાં ૦૨ મીમી વરસાદ મળી કુલ ૨૩ મીમી વરસાદ પડ્યો હતો. વરસાદ પહેલા વીજળીના કડાકા ધડાકા સાથે તેમજ પવનના સુસવાટા તેમજ વાવાઝોડા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદને પગલે કેટલાંક નીચાળવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાઈ જવાના બનાવો સામે આવ્યાં હતાં. આ કમોસમી વરસાદને પગલે જિલ્લામાં ઘણા સ્થળોએ વીજળી ડુલ થઈ ગઈ હતી અને મોડી રાત્રી સુધી તેમજ સવાર સુધી વીજ પુરવઠો ખોરવાતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે બીજી તરફ આ કમોસમી વરસાદને પગલે સદ્‌નસીબેન કોઈ સ્થળે વીજળી પડવાના બનાવો ન બનતા કોઈ જાનહાની થવા પામી ન હતી. ત્યારે સીંગવડ તાલુકાના મછેલાઈ ગામે રહેતાં બારીઆ શનાભાઈ બવાનભાઈના ઘરે ચાલુ વરસાદે અને વાવાઝોડા કારણે તેઓના મકાનની દિવાલ પર એક વૃધ્ધ ધરાશાઈ થઈ જતાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આ બનાવમાં સદ્દનસીબે કોઈ જાનહાની ન થતાં લોકોએ હાશકારો લીધો હતો.

## લશ્કરી (અગ્નીવીર) ભરતીમાં જોડાવા ૧૫ માર્ચ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશ ફોર્મ ભરી શકાશે

**- ઓનલાઈન લેખિત પરીક્ષા બાદ શારીરિક કસોટી યોજાશે.**

**- વધુ માહિતી માટે રોજગાર કચેરીના હેલ્પ લાઈન નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ ઉપર સપર્ક કરવો.**

દાહોદ,
આર્મી રિક્રુટીંગ ઓફીસ, અમદાવાદ દ્વારા યોજાનાર લશ્કરી (અગ્નીવીર) ભરતીમાં જોડાવા માંગતા ઉમેદવારો માટે ૧૫ માર્ચ ૨૦૨૩ www.joinindianarmy.nic.in પર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ છે.

આ ભરતીમાં ૧૭.૫ થી ૨૧ વર્ષના (૦૧.૧૦.૨૦૦૨ થી ૧.૦૪.૨૦૦૬ વચ્ચે જન્મેલા) તેમજ ૮ પાસ, ૧૦ પાસ,૧૨ પાસ, આઈ.ટી.આઈ. ડીપ્લોમાં થયેલા અને ૧૬૮ સેમી ઉચાઇ ધરાવતા અને ૭૭ સેમી છાતી અને યોગ્ય વજન ધરાવતા અપરણિત પુરૂષ ઉમેદવારો લાયકાત મુજબ વિવિધ જગ્યા માટે ઉમેદવારી નોંધાવી શકશે.

આ ભરતીમાં આઈ.ટી.આઈ તેમજ ડીપ્લો પાસ ઉમેદવારોને ઉમેદવારોને બોનસ માર્ક આપવામાં આવશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ ઉમેદવારોની સંભવિત ઓનલાઈન લેખિત પરિક્ષા ૧૭ અપ્રિલ ૨૦૨૩ થી યોજાશે.

ઓનલાઈન લેખિત પરિક્ષામાં મેરીટમાં આવનાર ઉમેદવારોની બીજા તબક્કાની શારીરિક (ફીઝીકલ) પરિક્ષા લેવામાં આવશે. ઓનલાઇન અરજી માટે જરૂરી શૈક્ષણીક લાયકાત, ફીઝીકલ સ્ટાન્ડર,જોબ સ્પેસીફીકેશન જોવા અને પ્રોફાઈલ ક્રિએટ કરવા www.joinindianarmy.nic.in પર લોગીન કરવાનું રહેશે. ઓનલાઈન પરિક્ષા માટે ઉમેદવારોએ ૨૫૦/- ફી ભરવાની રહેશે.

ઉમેદવારોના ઈમેલ આઈ.ડી અને મોબાઈલ નંબર પર પરિક્ષાને લગતી સૂચનાઓ આપવામાં આવશે. ઓનલાઈન રજીસ્ટ્રેશ અને ઓનલાઈન અરજી કરવા અંગે વધુ માહિતી આર્મી રિક્રુટીંગ ઓફીસ, અમદાવાદની વેબસાઈટ પર તેમજ રૂબરૂ કામકાજના દિવસોમાં સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ મેળવી શકશે.

તેમજ ભરતીમાં જવા માંગતા અને ભરતી પૂર્વેની ફ્રી ગાઇડન્સ અને તાલીમ મેળવવા ઈચ્છતા ઉમેદવારોને જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ત્રીજો માળ, જીલ્લા સેવા સદન, છાપરી, દાહોદનો સંપર્ક કરવા તેમજ રોજગાર કચેરીના હેલ્પ લાઈન નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ ઉપર સપર્ક કરવા રોજગાર અધિકારી દાહોદની યાદીમાં જણાવેલ છે.

## ઝાલોદના ધાવડીયા ચેક પોસ્ટ નાકાબંધી દરમિયાન પાણીના ટેન્કરમાં લઈ જવાતો ૧૭.૮૭ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો



દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેક પોસ્ટ પરથી દાહોદ એલ.સી.બી. પોલીસે નાકાબંધી દરમ્યાન મળેલ બાતમીના આધારે એક પાણીના ટેન્કરની આડમાં લઈ જવાતો અધધ કહી શકાય એટલો રૂા. ૧૭,૮૭,૩૨૮ ના વિદેશી દારૂના જથ્થા સાથે ટેન્કરની કિંમત મળી કુલ રૂા. ૩૭,૮૭,૩૨૮નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે. દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ વહેલી સવારના સમયે દાહોદ એલ.સી.બી. પોલીસે ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરી રહ્યાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક પાણીનું ટેન્કર પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ત્યારે ટેન્કરના ચાલકે દુરથી પોલીસને જોઈ લેતાં પોતાના કબજાનું ટેન્કર સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે ટેન્કરની પાસે જઈ ટેન્કરની અંદર તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. ટેન્કરમાંથી પોલીસે વિદેશી દારૂની પેટીઓ નંગ. ૪૦૨ જેમાં બોટલો નંગ. ૧૩,૮૬૦ જેની કિંમત રૂા.૧૭,૮૭,૩૨૮ના પ્રોહી જથ્થા સાથે ટેન્કરની કિંમત મળી કુલ રૂા. ૩૭,૮૭,૩૨૮નો મુદ્દામાલ દાહોદ એલ.સી.બી. પોલીસે કબજે કરી ફરાર ટેન્કરના ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**આહાર ટ્રસ્ટ, દેવગઢ બારીયા તરફથી ૩૦ ગરીબ કુંવારિકાઓને કોલગેટ, ટૂથ બ્રશ, કાંસકો, તેલ, શેમ્પૂ, ઉલિચું, નેઈલ પોલિશ, પાવડર, કાજલ, હાથ રૂમાલ, પેડ, ન્હાવા- ધોવાના સાબુ વગેરેની એક કીટ ની સાથે દાળ, ભાત, શાક, રોટલી, મૈસુર અને મેથીના ગોટાનું ભોજન આપી ખુશીઓ વહેચી અનોખી રીતે હોળીની ઉજવણી કરવામાં આવી.**

## ગરબાડા તાલુકામાં ગામે ગામ ઉત્સાહભેર હોળીકા દહન કરાયું



ગરબાડા,
ગરબાડા નગર સહિત તાલુકાના ગામોમાં સોમવારે ધુમધામથી હોલિકા દહન કરવામાં આવ્યુ હતું. ગરબાડા તાલુકા મથક અને વિવિધ ગામોમાં મૂહૂર્ત મુજબ હોળી પ્રગટાવવામાં આવી હતી. નગર સહિત ગામે ગામ હોળીના ઢોલ ઢબુક્યા હતા અને લોકોએ ઉત્સાહ સાથે હોળી પર્વની ઉજવણી કરી હતી. હોળી પ્રગટાવ્યા બાદ લોકોએ નારિયલ હોમી અને પૂજા કર્યા બાદ પ્રદ ક્ષિણા કરી હતી. તહેવારને લઈને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસનો ચાંપતો બંદોબસ્ત જોવા મળ્યો હતો.

## ૧૮૧ અભયમ મોબાઈલ એપ્લીકેશનથી ઘટના સ્થળે કોલ કરનારનું ચોક્કસ સ્થળ ગુગલ મેપથી મળી જશે

દાહોદ,
૧૮૧ અભયમ મોબાઈલ એપ્લીકેશન : રાજ્યની મહિલાઓને મુશ્કેલીની સ્થિતિમાં તાત્કાલિક મદદ મળી રહે એ માટે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સમગ્ર ભારતમાં પહેલી કહી શકાય તેવી ઈન્ટીગ્રેટેડ ૧૮૧ અભયમ મોબાઈ એપ્લીકેશન બનાવવામાં આવી છે. જેનું લોકાર્પણ તત્કાલીન મુખ્યમંત્રીએ ૬ ઓગષ્ટ, ૨૦૧૮ માં કર્યું હતું.

એપ્લીકેશનની વિશેષતાઓ જોઈએ તો સ્માર્ટ ફોનમાં પેનીક બટન દબાવતા જ હેલ્પલાઇનની મદદ મેળવી શકાશે. મોબાઈલ શેકીગ (જોરથી હલાવતા) પણ કોલ થઈ શકશે. જેથી કટોકટીના સમયમાં ફોન કર્યા વગર મદદ મળી શકે. મોબાઈલ એપ્લીકેશન મારફતે ઘટના સ્થળેથી મહિલા કોલ કરે તો કોલ કરનારનું ચોક્કસ સ્થળ ગુગલના નકશામાં મળી જશે. એપમાં ૧૮૧ બટન દબાવતાની સાથે જ મુશ્કેલ સ્થિતિમાં રહેલી મહિલાના ૫ જેટલા સગા સંબંધી કે મિત્રોને ઓટોમેટીક એસએમએસથી સંદેશો મળી જશે.

મહિલા ઘટના સ્થળના ફોટો વિડિયો એપ્લિકેશન મારફતે અપલોડ કરીને પુરાવા તરીકે હેલ્પલાઇનના સેન્ટરમાં મોકલી શકશે. એપ્લીકેશન થકી કોલ કરનાર મહિલાના ત્રણ એડ્રેસ એક સાથે હેલ્પલાઇન સેન્ટરમાં મળી જશે. જેમાં તેનું કોલનું સ્થળ, ટેલીકોમ સર્વિસ પ્રોવાઇડર પાસે નોંધાયેલ એડ્રેસ, એપ્લીકેશન રજીસ્ટ્રેશન વખતે જણાવેલું એડ્રેસ.

## સંજેલી તાલુકાના વાંસીયા-ડુંગરા ગામોમાં હોળીની પૂર્વ સંધ્યાએ વન્યપ્રાણી દીપડાના ઝૂડે બકરાઓનું મારણ કર્યું



દાહોદ,
દાહોદ જિલ્લાના સંજેલી મહીસાગર બોર્ડર પર આવેલા વાંસીયા-ડુંગરા ગામોમાં હોળીની પૂર્વ સંધ્યાએ વન્યપ્રાણી દીપડાના ઝુંડ દ્વારા માનવ વસાહતમાં ધસી આવી મકાનના ઢાળિયામાં બાંધેલા ૮ થી ૧૦ બકરાઓનું મારણ કરતા આસપાસના વિસ્તારોમાં ભાઈની સાથે ફફડાટનો માહોલ જોવા મળી જશે. જયારે બે દિવસ અગાઉ પણ સંજેલી-મહીસાગર બોર્ડર વિસ્તારમાં આ વન્ય પ્રાણી દિપડાઓના ઝુંડે ૧૦ થી વધુ બકરાઓનું મારણ કર્યું હતું. હાલ સંજેલી મહીસાગર જિલ્લાની બોર્ડર પર આવેલા વાસિયા ડુંગરા થાળા પાંજરો મૂકી આ દીપડાઓને જબ્બે કરવા માટે માંગ કરી છે.

સંજેલી તાલુકો જંગલ અને ડુંગરાળ વિસ્તાર ધરાવતો નજીક વાંસીયા ઘોડાવડલી મુકામે રાત્રિના સમયે ઢાળિયામાં બાંધેલા પાંચથી વધુ બકરાઓને દીપડાએ મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વન વિભાગ દ્વારા વન્યપ્રાણી દીપડાએ બકરીનું મારણ કર્યા હોવાની બાબત તપાસ હાથ ધરી ત્યારે લોકોને પણ ઘરની બહાર રાત્રે ના સૂવાનું તેમજ ડુંગરાળ વિસ્તાર જવાનું ટાળવા માટે સૂચનો આપ્યા હતા. જેથી કરીને આવા કોઈ વન્ય પ્રાણીથી હુમલો થાય તો બચી શકાય. સંજેલી તાલુકાના ભામણ તેમજ ડુંગરા ગામે અચાનક દીપડાનો હુમલો થતાં છ થી વધુ બકરાવાનું મારણ તેમજ ૨ જેટલા બકરા ઉપર હુમલો કરી જખમી કરતા હોવાની વાત વાયુવેગે ફેલાતા સંજેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં લોકોમાં ડર તેમજ ભય નો માહોલ સર્જાયો. હાલ સંજેલી મહીસાગર બોર્ડર પર બે

**- ત્રણથી વધુ દીપડાઓએ સંજેલી અને મહીસાગરમાંથી બે દિવસમાં ૨૦ જેટલાં બકરાઓનું મારણ કર્યું.**

**- હોળીની પૂર્વ સંધ્યાએ દીપડાના હુમલાના પગલે લોકોમાં ફફડાટ.**

કાંકરેલી,ભામણ જેવા ગામોમાં છેલ્લા એક અઠવાડિયાથી વન્યપ્રાણી દીપડાઓના આંટાફેરા વધી જવા પામ્યા છે. તેમજ હાલ હોળી અને લગ્નસરાની સીઝન શરૂ થતા આ વિસ્તારમાંથી લગ્ન પ્રસંગમાં જતા લોકોમાં ભય પ્રસરી જવા પામ્યો છે. ત્યારે સ્થાનિકો દ્વારા વન વિભાગને તાલુકો છે. ગાય, ભેંસ, બકરી, બળદ સહિતના પશુ ઘરના ઠાળિયામાં ઘર માલિક દ્વારા બાંધી રાખવામાં આવ્યા હતા. ત્યારે આજુ બાજુ ડુંગરાળ વિસ્તાર હોવાથી દિપડાનો આંતક દિનપ્રતિદિન વધતો જોવા મળી રહ્યો છે. સંજેલી તાલુકાના ભામણ માહોલ ફેલાયો હતો અને ત્રણ જેટલા બકરા ઉપર બકરાના મોઢાના ભાગે ગાબડ પર દીપડાએ હુમલો કરતા ત્રણ બકરાઓ જખમી હાલતમાં ઘરના લોકો ઉઠી જતા દિપડો ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ વન વિભાગને કરાતા વન વિભાગ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી તેમજ દિવસ અગાઉ પણ વન્ય પ્રાણી દિપડાઓ દ્વારા ૧૦ થી વધુ બકરાઓનું મરણ કર્યું હતું. સંજેલી પંથકમાં આસપાસના પાંચ થી છ ગામડાઓમાં વન્યપ્રાણી દીપડાના આટા ફેરા વધી જતા લોકો ભાઈની ઓથાર હેઠળ જીવવા મજબુર બન્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.167

# ગોધરા BRGF ભવન ખાતે જન ઔષધિ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



ગોધરા,

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (આયુષ્માન ભારત) સહિત વધુ એક પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના જનસામાન્ય માટે આશિર્વાદરૂપ બની છે. ગોધરા સ્થિત બી.આર.જી.એફ ભવન ખાતે જિલ્લા કલેક્ટર સુજલ માયત્રાની અધ્યક્ષતામાં આઝાદી કા અમૃત મહોત્સવ, G-20 થીમ આધારિત પાંચમા જન ઔષધિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેનો હેતુ જનઔષધિ યોજના વિશે જન-જાગૃતિ વધારી જેનરીક દવાઓને પ્રોત્સાહન પુરૂં પાડવાનો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટરના હસ્તે પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર ધારકોને પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

પરિવારના સભ્યો બિમાર પડે ત્યારે બજારની મોંઘી અને બ્રાન્ડેડ દવા ખરીદવી મજબુરી બની રહે છે. જે વધુ ખર્ચાળ હોય છે. ત્યારે ગુણવતાયુકત અને અસરકારક જેનરિક દવાઓ બ્રાન્ડેડ દવાઓની સરખામણીમાં ૬૦ થી ૭૦ ટકા સસ્તા દરે જન ઔષધિ કેન્દ્રો પુરી પાડીને સામાન્યમ લોકોની સારવારમાં આશિર્વાદરૂપ બની રહી છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મહેશ ચૌધરી સહિત આરોગ્ય અધિકારીઓ/કર્મચારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

G20 ગુજરાત બજેટ 2023-2024

૮મી માર્ચ, ૨૦૨૩

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છાઓ

શક્તિ સ્વરૂપા નારી શક્તિને
**વિશ્વ મહિલા દિવસે** શત્ શત્ નમન

**નેશનલ રૂરલ લાઈવલી હૂડ મિશન**
મહિલાઓના સશક્તિકરણ અને આર્થિક વિકાસ માટે રૂ.૨૧૦ કરોડની જોગવાઈ

**દીનદયાળ ગ્રામીણ કૌશલ્ય યોજના**
૫૦૦૦ જેટલી મહિલાઓને ડાયમંડ વર્કની અને બીજી મહિલાઓને જુદા-જુદા કૌશલ્ય માટે તાલીમ આપવા રૂ.૨૩ કરોડની જોગવાઈ

**મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના**
સગર્ભા માતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ અને ૧ લિટર સિંગતેલ આપવામાં આવે છે: જેના માટે બજેટમાં રૂ.૨૧૪ કરોડની જોગવાઈ

**દૂધ સંજીવની યોજના**
આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં આશરે ૧૩ લાખ બાળકો, સગર્ભા-ધાત્રી માતાઓને પેશ્ચ્યુરાઈઝ્ડ ફ્લેવર્ડ દૂધ આપવા બેજટમાં કરી રૂ.૧૨૬ કરોડની જોગવાઈ

**ગંગા સ્વરૂપા યોજના**
વિધવા બહેનોને આર્થિક મદદ કરી સામાજિક સુરક્ષા પુરી પાડવા અંદાજપત્રમાં કરી રૂ.૧૮૯૭ કરોડની જોગવાઈ

**પૂરક પોષણ યોજના**
૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે રૂ.૧૦૬૩ કરોડની બજેટમાં કરી જોગવાઈ

**પૂર્ણા યોજના**
૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂરક પોષણ (ટેક હોમ રાશન) પૂરું પાડવા માટે રૂ.૩૬૮ કરોડની જોગવાઈ

**કુંવરબાઈનું મામેરૂ યોજના**
અનુસુચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને સહાય માટે રૂ.૫૪ કરોડની જોગવાઈ

**સંકલિત ડેરી વિકાસ યોજના**
આદિજાતિના ૧૫ હજાર જેટલા મહિલા પશુપાલકોને સહાય આપવા માટે રૂ.૩૪ કરોડની જોગવાઈ

**પોષણ સુધા યોજના**
આદિજાતિ વિસ્તારમાં સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને સુદ્રઢ કરવા માટે રૂ.૧૩૩ કરોડની જોગવાઈ





પ્રગતિશીલ ગુજરાતમાં
મહિલાઓ બની સામર્થ્યવાન

મહિલાઓએ ભરી ઊંચી ઉડાન, વિકાસમાં બની ભાગીદાર સમાન

## ગોધરા તાલુકાના નોકરી માટે IPS અધિકારી દ્વારા

## ૫૦ લાખની છેતરપિંડીના ભોગ બનનાર યુવકોની અરજી પંચમહાલ ચીફ કોર્ટે સ્વીકારી : ૧૭ માર્ચે સુનાવણી હાથ ધરાશે



ગોધરા,

ગોધરા તાલુકાના નોકરી વાંચ્છુક યુવાનોને નોકરી આપવાનું જણાવી આઈ.પી.એસ. અધિકારી દ્વારા ૫૦ લાખની છેતરપિંડી કરવાના મામલે છેતરપિંડીના ભોગ બનનાર યુવકો દ્વારા ચીફ કોર્ટમાં કરેલ અરજી સ્વીકારવામાં આવી. આ મામલે ૧૭ માર્ચના રોજ સુનાવણી હાથ ધરાશે.

ગોધરા તાલુકાના સરસાવ ગામના નોકરી વાંચ્છુક યુવકોને આઈ.પી.એસ. અધિકારી એમ.ડી.જાની અને તેમની ધર્મપત્ની દ્વારા વડોદરા ખાતે તત્કાલીન કમાન્ડર હતા. તે સમયે નોકરી અપાવવાનું કહીને યુવકો પાસેથી ૫૦ લાખ ઉઘરાવી લેવામાં આવ્યા હતા અને નોકરી કે નાણાં પરત નહિ આપીને યુવકો સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો. હાલ સાબરકાંઠા એસ.આર.પી.ગૃપ-૬ના કમાન્ડર અને વડોદરાના તત્કાલીન કમાન્ડર દ્વારા ૫૦ લાખ લીધા બાદ પણ નોકરી નહિ અપાવી તેમજ ૫૦ લાખ પરત નહિ આપીને છેતરપિંડી વિશ્વાસઘાત કર્યો હતો. આઈ.પી.એસ. અધિકારીની છેતરપિંડીનો ભોગ બનેલ યુવકો છેલ્લા ૧૭ માસથી આઈ.પી.એસ. અધિકારી વિરૂદ્ધ અનેક રજુઆતો રાજ્ય પોલીસવડા, ગૃહમંત્રીને લેખિત કરવા છતાં કાર્યવાહી કરાઈ ન હતી. આખરે પંચમહાલ ચીફ કોર્ટમાં આઈ.પી.એસ. અધિકારી એમ.ડી.જાની સામે પોલીસ ફરિયાદ નોંધાવા માટે અરજી કરવામાં આવી હતી. તે અરજીને પંચમહાલ ચીફ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવી છે અને ૧૭ માર્ચના રોજ સમગ્ર મામલે સુનાવણી હાથ ધરવામાં આવશે. ચીફ કોર્ટ દ્વારા પોલીસ ફરિયાદ માટેની અરજી સ્વીકારતાં છેતરપિંડીનો ભોગ બનનાર યુવકોમાં આનંદ જોવા મળ્યો.

## ઘોઘંબાના રીંછીયા ખાતે ગુપ્તેશ્વર મહાદેવ નજીક ચુલનો મેળો યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાનાં રીછિયા સ્થીત ગુપ્તેશ્વર મહાદેવ નજીક આવેલ ભાથીજીના મંદિર પાસેના ખુલ્લા મેદાનમાં આજે ફાગણ સુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે આદિવાસીઓ દ્વારા ચૂલના મેળાનું આયોજન પ્રતિ વર્ષે કરવામાં આવે છે. તે પરંપરાને અનુસરીને આજરોજ જચૂલના મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં આદિવાસીઓ દ્વારા ઢોલ નગારા ત્રાસા અને પીહા સાથે મધુર કર્ણપ્રિય અવાજો અને કિકિયારી સાથે આનંદ સાથે નાચતા કુદતા આ તહેવારને મનાવતા હોય છે. આખા વર્ષ દરમિયાન પોતાના પરિવારના ખેતીના કે ધંધાના વિકટ પ્રશ્નોના નિકાલ માટે બાધા કે આખડીઓ રાખે છે. પરિણામે તેઓના પ્રશ્નોનો નિકાલ થાય તો ચૂલના મેળામાં ધખધખતા અંગારા પર ચાલીને પોતાની બાધા આંખડી પૂર્ણ કરે છે. તેઓના પ્રશ્નોમાં પોતાના ઘરે શેર માટીની ખોટ હોય, સંતાન અવારનવાર બીમાર પડતું હોય, માં-બાપ બીમાર પડતા હોય, ખેતી બરાબર ના થતી હોય, પશુ-પક્ષીઓ બીમાર થતા હોય, આ બધા માટે તેઓ બાધા આખડી રાખતા હોય છે અને પોતાના પ્રશ્નોનો નિકાલ થતાં હોળીના દિવસે ચૂલના મેલા પર ચાલીને પોતાની બાધા પૂરી કરે છે.

## કાલોલના સાતમણા ગામે બજાર ફાઈનાન્સમાં લોન ઉપર અપાયેલ મોબાઈલના લોન ન ભરવા ચાલતા અણબનાવમાં મારમારી કરતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના સાતમણા ગામે રહેતા ફરિયાદીએ આરોપીને ફાઈનાન્સ માંથી મોબાઈલ ફોન લોન ઉપર અપાયેલ હોય તેના હપ્તા માટે અણબનાવ થયેલ તેની અદાવત રાખી ફરિયાદીના પિતાને મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના સાતમણા ગામે રહેતા સુનિલભાઈ ભીખાભાઈ ચૌહાણએ વિજયભાઈ સોલંકીને બજાજ ફાઈનાન્સ માંથી લોન ઉપર મોબાઈલ ફોન આપેલ હતો. તેનો હપ્તો નહિ ભરતા અણબનાવ સ્થળે અને સુનિલભાઈના પિતા ભીખાભાઈ ઉર્ફે બુધાભાઈ સાથે ઝગડો થતાં સોનીબેન વિઠ્ઠલભાઈ એ ફરિયાદ આપેલ ત્યારથી અણબનાવ ચાલતો હતો. તેની અદાવત રાખી ભીખાભાઈને આરોપીઓ વિઠ્ઠલભાઈ માયાભાઈ ચૌહાણ, દિલીપભાઈ બળવંતભાઈ ચૌહાણ, વિજયભાઈ ચૌહાણ, સોનીબેન વિઠ્ઠલભાઈ એ ભેગા મળી ભીખાભાઈને મારમારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલના મોટી પીંગળી ગામે ૨૪ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

કાલોલ,

કાલોલ તાલુકાના મોટી પીંગળી ગામે ૨૪ વર્ષીય યુવાને કોઈ અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હોય આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના મોટી પીંગળી ગામે રહેતા વિજયસિંહ ઉદેસિંહ સોલંકી ઉ.વ.૨૪ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી મરણ ગયેલ હોય આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા પરવડી ચોકડી પાસેથી ૨૬ હજારના ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના પરવડી ચોકડી પાસેથી બે ઈસમો પાસેથી બેગમાં રાખેલ ઈંગ્લીશ દારૂ કિંમત ૨૬,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના પરવડી ચોકડી પાસે પોલીસનું ચેકીંગ ચાલતું હોય દરમિયાન પસાર થતાં મનીષ રમણભાઈ પરમાર (રહે. લક્ષ્મીપાર્ક સોસાયટી, પોલીટેકનીક રોડ), મહેન્દ્ર દોલતરામ બાલવાણી (સુવિધા નગર, યોગેશ્વર રોડ)ને રોકી તેમની પાસે રાખેલ બેગ માંથી ઈંગ્લીશ દારૂના અલગ અલગ બ્રાન્ડ્ની બોટલો નંગ-૧૬ કિંમત ૨૬,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## દાહોદના મુવાલીયા ગામે પોલીસે નાકાબંધી કરી તુફાન ગાડીમાં લઈ જવાતો ૧.૯૩ લાખનો દારૂ ઝડપ્યો



દાહોદ,

દાહોદ તાલુકાના મુવાલીયા ગામે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં તે સમયે બાતમીમાં દર્શાવેલ એક તુફાન ફોર વ્હીલર ગાડીના ચાલકની અટકાયત કરી ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૧,૯૩,૧૦૪ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૬૮,૧૦૪નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યાનું જાણવા મળે છે.

ગતરોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકાના મુવાલીયા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક તુફાન ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ફોર વ્હીલર ગાડી નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીના ચાલક કમલેશભાઈ ભોદુભાઈ મીનામા (રહે. ઘોડાઝર, મુખ્ય નિશાળ ફળિયું, તા. ધાનપુર, જિ.દાહોદ) નાની અટકાયક કરી પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૧૨૯૬ કિંમત રૂા. ૧,૯૩,૧૦૪ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૬૮,૧૦૪ના મુદ્દામાલ ઉપરોક્ત ગાડીના ચાલકની પોલીસે અટકાયત કરી દાહોદ એલ.સી.બી. પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.